ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર

(gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૬૧/૨૦૨૩, તા.૨૦/૦૨/૨૦૨૩

વિગત :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૩/૦૨/૨૦૨૩ થી તા.૧૯/૦૨/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) કમલાબાગ પો.સ્ટે. પાર્ટ–A ગુ.ર.નં. ૦૧૦૪/૨૦૨૩ I.P.C. ક.૩૬૩,૩૬૬ અન્વયે અપહરણ થનાર ફરાહબેન D/O ઇર્શાદભાઇ સુમરા ઉ.વ.૧૩ વર્ષ, ૮ માસ, ૫ દિવસ રહે.ચોપાટી કનકાઇ મંદિરની સામે, હજુર પેલેસ પાછળ, બાપુના પટ પાછળ પોરબંદર વાળીને કમલાબાગ પો.સ્ટે., ડી.સ્ટાફના સભ્ય HC ભરતસિંહ કાળુભા દ્વારા સિક્કા ગામ જી.જામનગરથી તા.૧૫/૨/૨૩ ના રોજ શોધી કાઢેલ છે

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

(૧) તા.૧૬/૦૨/૨૦૨૩ હાર્બર મરીન પો.સ્ટે.ના કર્મચારીઓ દ્વારા ખારવા પ્રાથમીક શાળામાં કારાટેની તાલીમ આપવામાં આવેલ

(૨) તા.૧૮/૦૨/૨૦૨૩ સ્ટાફના માણસો દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત જવાહર નવોદય વિદ્યાલયમા અભ્યાસ કરતા બાળકોને જરૂરી માર્ગદર્શન આપવામા આવેલ. તેમજ નાસ્તાનુ વિતરણ કરાવવામા આવેલ.

(૩) તા.૧૪/૦૨/૨૦૨૩ મહીલા પોલીસ સ્ટેશના પો.ઈન્સ. તથા સ્ટાફના માણસો દ્વારા એમ.કે.ગાંધી સ્કુલની મુલાકાત લઇ સ્કુલના બાળકોને SPC પરેડ ની તાલીમ આપવામા આવેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) તા.૧૭/૦૨/૨૦૨૩ ઉદ્યોગનગર પો.સ્ટેના સ્ટાફ દ્વારા વ્યાજખોરોનાં ત્રાસમાંથી આમ જનતાને બચાવવાનાં ભગીરથ પ્રયાસનાં ભાગરૂપે પોરબંદર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે લોનમેળાનું આયોજન કરવામાં આવેલ. આ મેળામાં આમ નાગરીકોને સરળતાથી લોન મળી રહે તે માટે નગરપાલીકા તથા બેંકના અધિકારીઓ સાથે સંકલનમાં રહી, (૧) પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત તેમજ (૨) પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત કુલ-૪ જેટલા લાભાર્થીઓને કુલ રકમ રૂ.૪,૨૦,૦૦૦/- ની લોન અપાવી, આમ જનતાને વ્યાજખોરોના ત્રાસમાંથી બચાવવા માટે ભગીરથ પ્રયાસ કરવામાં આવેલ.

.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર